દાખલ તારીખ:૧૮/૦૬/૨૦૨૬
નોંધ્યા તારીખ:૧૮/૦૬/૨૦૨૬
ફેંસલ તારીખ :૩૦/૦૬/૨૦૨૬
સમય ગાળો: વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૧૨

## બોડેલીના એડીશનલ સેશન્સ જજ સમક્ષ, બોડેલી, જી.છોટાઉદેપુર

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૦૦/૨૦૨૬**
આંક:

**અરજદાર :–** **વીદેશભાઈ રતનભાઈ રાઠવા,**
ઉ.વ. આશરે ૨૮ વર્ષ, ધંધો–ખેતી,
રહે. :– બાલમંદીર ફળીયા, બોરચાપડા,
તા.કવાંટ, જી. છોટાઉદેપુર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–** **સ્ટેટ ઓફ ગુજરાત...**

*****************************************************************
**અરજ:–** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવા અરજી
*****************************************************************

*****************************************************************
અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એ.પી.બારીયા
સામાવાળા સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી જે.બી.પુરાણી
*****************************************************************

**–: ચુ કા દો :–**

**૧** અરજદારે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૪૯૭ ના મુજબ સંખેડા પોલીસ સ્ટેશન ગુના ર.નં.૧૧૧૮૪૦૦૯૨૬૦૦૦૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ),૬૫(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩ તથા બી.એન.એસ.ની કલમ ૧૧૧(૩) મુજબના ગુનાના કામે કબજે કરેલ અરજદારની માલીકીનુ મુદ્દામાલ વાહન એકટીવા, જેનો રજીસ્ટ્રેશન નં. GJ-34-

R-6772, ચેસીસ નં.ME4JK430DSW095669, એન્જીન નં. JK43EW0094861 છે, જે પરત મેળવવા હાલની અરજી આપેલી છે.

૨ સામાવાળાને નોટીસ બજી જતાં સામાવાળા તરફે એ.પી.પી.શ્રી જે.બી.પુરાણી હાજર થયેલ છે.

૩ અરજદારની અરજી ની.૩/૧ થી એફ.આઈ.આર. ની ઝેરોક્ષ નકલ, ની.૩/૨ થી અરજદારના આધાર કાર્ડની નકલ, ની.૩/૩ થી વાહનની આર. સી. બુક ની ઝેરોક્ષ નકલ રજુ કરેલી છે. જે વંચાણે લીધા તેમજ બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

૪ અરજદારની હાલની અરજી તેમજ રેકર્ડ વંચાણે લીધો તેમજ બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી, અરજદારના વિધ્વાન વકીલશ્રીએ ભારપુર્વક જણવેલ છે કે, અરજદારે ટ્રાયલ કોર્ટ સમક્ષ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ વાહન એકટીવા, જેનો રજીસ્ટ્રેશન નં. GJ-34-R-6772, ચેસીસ નં.ME4JK430 DSW095669, એન્જીન નં. JK43EW0094861 નો વચગાળાનો કબજો મેળવવા માટે અરજી કરેલી. અરજદારની સદર ગાડી અરજદારની માલીકીનું છે અને અરજદારની રોજીંદી વપરાશનું સાધન છે. તેઓની રજુઆત છે કે, કહેવાતો મુદ્દામાલ લાંબા સમય થી પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં પડી રહેલ છે. મુદ્દામાલ વાહન લાંબો સમય સુધી બીન ઉપયોગી પડી રહે તો તે ખરાબ થઈ જાય તેમ છે અને તેની નિયમિત કાળજી રાખવામાં ન આવે તો તેના એન્જીન સ્પેર પાર્ટસ, બોડી વગેરેને પણ મોટુ નુકશાન થાય તેમ છે અને તેની ઉપયોગિતા મુલ્યમાં ઘટાડો થઈ જાય, નકામો થઈ જાય અને અરજદારને આર્થીક નુકશાની થાય તેમ છે. વાહનની વચગાળાની કસ્ટડી પરત સોપવા સબંધે ના. સુપ્રિમ કોર્ટ ધ્વારા મુદ્દામાલની વચગાળાની કસ્ટડી સબંધે કરવામાં આવેલા પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈ અરજી મંજુર કરવા જણાવેલ છે. આ વાહન લાંબા સમયથી પોલીસ સ્ટેશનમાં બીન વપરાશી

પડી રહેલ છે, તપાસના કામે વાહનની કોઈ જરૂરીયાત રહેલ નથી, યોગ્ય રકમના બોન્ડ અને યોગ્ય શરતોએ પરત માંગેલ છે. આ અદાલત જે શરતો ફરમાવે તેનુ પાલન કરવા સમંત છે. અરજદાર નાશી ભાગી જાય તેવા નથી. મુદ્દામાલ વાહન જયારે મંગાવવામાં આવે ત્યારે રજુ કરવા સમંત છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, નામ. સુપ્રિમ કોર્ટના સુંદરભાઈ અબાંલાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ અરજદારની અરજી મંજુર કરી મુદ્દામાલ વાહનનો વચગાળાનો કબજો અરજદારને સોંપી આપવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

૫. વિ.એ.પી.પી. શ્રી એ તેમની દલીલોમા જણાવ્યુ છે કે, અરજદાર વિરૂધ્ધના પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩, ૧૧૬(બી) મુજબના ગુનાનો આક્ષેપ હોય, મુદ્દામાલ વાહન નહી છોડવા અરજ ગુજારેલી છે. તેમજ આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ પણ સદર મુદ્દામાલ પરત નહી સોંપવા સ્પષ્ટ અભીપ્રાય આપેલો છે.

૬. અરજી લગત રજુ બન્ને પક્ષકારોની વિસ્તારપુર્વકની દલીલો ધ્યાને લીધી, અરજદાર તરફે અરજી ની.૩/૧ થી એફ.આઈ.આરની ઝેરોક્ષ નકલ, ની.૩/૨ થી અરજદારના આધાર કાર્ડની નકલ, ની.૩/૩ થી વાહનની આર. સી. બુક ની ઝેરોક્ષ નકલ રજુ કરેલી છે. જે ધ્યાને લેતા અરજદાર હાલના કામના મુદ્દામાલ વાહનના માલીક છે. સદર મુદ્દામાલ વાહન પંચો રૂબરૂ કબજે કરવામા આવેલુ છે. ત.ક. અમલદારે પણ પોતાના અભીપ્રાય માં જણાવેલ છે કે, આ કામના આરોપીના કબજા ભોગવટાના વાહન એકટીવા, જેનો રજીસ્ટ્રેશન નં. GJ-34-R-6772, ચેસીસ નં.ME4JK430 DSW095669, એન્જીન નં. JK43EW0094861 માંથી ભારતીય બનાવટનો વિદેશી દારુ મળી આવેલ નથી.

૬. ફોજદારી કાર્યવાહીઓમા મુદ્દામાલ તરીકે રજુ કરવામા આવેલ મિલ્કતો કામચલાઉ કે કાયમી ધોરણે પરત સોંપવાની વિચારણામા ફોજદારી અદાલતે મીલ્કતના માલીકી હકકની ઉંડાણ પુર્વક ચકાસણી કરી કોઈ

વ્યકિતને માલીક ઠરાવવાના હોતા નથી પરંતુ જે તે મીલ્કતો કબજો ધારણ કરવા માટે હકકદાર કે અધિકૃત વ્યકિતને શોધી કાઢી તેવી વ્યકિતને મીલ્કત સોંપી આપવાની હોય છે. વાહનોના કિસ્સામા તેના નોંધાયેલા માલીકની ચકાસણી કરવી આવશ્યક છે પરંતુ જયારે કોઈ વાહન ચોકકસ વ્યકિતની માલીકીનુ હોવાનુ બિન તકરારી હોય ત્યારે સૌ પ્રથમ તેવા નોંધાયેલ માલીકને વાહન પરત સોંપવુ જોઈએ. અરજદારે હાલની અરજી સાથે રજુ કરેલ વાહનની રજીસ્ટ્રેશન બુકની નકલ વં ચાણે લેતા મુળ અરજદાર સદરહુ વાહનના નોંધાયેલા માલીક હોવાનુ જણાય છે. સદરહુ વાહનની તેઓને રોજબરોજ આવશ્યકતા હોવાનુ સમજી શકાય તેમ છે. સદરહુ વાહન કશા ઉપયોગ વગર પોલીસ કે અદાલતની કસ્ટડીમા રાખી મુકવામા આવે તો તેમા ટેકનીકલ ખામીઓ ઉત્પન્ન થવાની અને તેની કિં મતમા ઘટાડો થવાની સંપુર્ણ શકયતાઓ છે. મુદ્દામાલ વાહન બિન ઉપયોગી હાલતમા રાખી મુકવાથી પોલીસ તપાસ કે ઈન્સાફી કાર્યવાહીમાં કોઈ ફાયદો થાય તેમ નથી જયારે સદર વાહનનો વપરાશ થાય તો મિલ્કતની યોગ્ય જાળવણી થઈ શકે તેમ છે. સદર હકીકતના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટ ના **સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩ એચ. જી. એલ. એચ. ૩૦૭** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પણ અત્રે સંપુર્ણ લાગુ પડે છે અને તેથી હાલના અરજદારને યોગ્ય શરતોને આધીન વચગાળાની કસ્ટડીરૂપે કેસ નો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી પરત સોંપવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચીત જણાશે તેવું અત્રેની અદાલત નું સ્પષ્ટ માનવું છે. આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચાને લક્ષમાં રાખતા, શ્રી સરકાર તર્ફે વિધ્વાન ડી.જી.પી.શ્રી દવારા લેવા આવેલ વાંધા આ તબકકે ગ્રાહય રાખવામાં આવતા નથી જયારે અરજદાર તર્ફે કરવામાં આવેલ રજુઆતો સાથે આ અદાલત સમંત થાય છે અને તેથી સદરે મુદ્દામાલ અરજીનું યોગ્ય અને ન્યાયીક નિરાકરણ લાવવા સારુ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

- અરજદારની અરજી આથી **મંજુર** કરવામા આવે છે.
- સંખેડા પોલીસ સ્ટેશન ગુના ર.નં.૧૧૧૮૪૦૦૯૨૬૦૦૦૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ),૬૫(ઈ), ૯૮(૨), ૮૧, ૮૩ તથા બી.એન.એસ.ની કલમ ૧૧૧(૩) ના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ મુજબ પેન્ડીંગ ધી ટ્રાયલ મુદ્દામાલ મેળવવાવી અરજી લગત નીચે મુજબનો હુકમ ફરમાવવામા આવે છે.
- અરજદાર વીદેશભાઈ રતનભાઈ રાઠવાને નીચે જણાવેલ શરતોનુ પાલન કરવાની ખાત્રી સાથે સબંઘીત કોર્ટ સમક્ષ મુદ્દામાલની કિંમતનુ દોઢી રકમનુ જામીન સહીતનુ બોન્ડ લખી આપે તો મુદ્દામાલ અરજદારની માલીકીનું વાહન એકટીવા, જેનો રજીસ્ટ્રેશન નં.GJ-34-R-6772, ચેસીસ નં.ME4JK430 DSW095669, એન્જીન નં. JK43EW0094861 વાહન બીજો હુકમ થતા સુધી વચગાળાના ધોરણે તેઓને સોંપી આપવા હુકમ ફરમાવવામા આવે છે.

**શરતો :**

**૧.** કેસનો આખરી નિકાલ થતા સુધી અરજદાર સદર મુદ્દામાલ અન્ય કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવો કરાવવો નહી.

**૨.** અરજદારે સદર મુદ્દામાલ અન્ય કોઈ ગુનામા ફરીથી વાપરવો નહી કે સંડોવવો નહી.

**૩.** અરજદારે હુકમ મુજબના તથા બોન્ડ, સબંઘીત કોર્ટમા આપવા.

**૪.** અરજદારે સદર વાહનની તથા તેના કાગળોની યથા સ્થિતિ કેસનો આખરી નિકાલ થતા સુધી સ્વખર્ચે જાળવી રાખવી.

**૫.** ત.ક. અમલદારે સદર મુદ્દામાલના ચારેય તરફના ફોટોગ્રાફસ નંબર સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે પડાવી કેસની સાથે રાખવા.

ઉપરોકત શરતો પૈકી અરજદાર જો કોઈ પણ શરતનુ ઉલ્લંઘન કરશે તો સદર મુદ્દામાલ પરત કબજે કરવામા આવશે.

આ હુકમની નકલ સબંધીત કોર્ટને તથા પોલીસ સ્ટેશને મોકલવી.

આ હુકમ આજ રોજ તા.**૧ લી** માહે **જુલાઈ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૧/૦૭/૨૦૨૬
સ્થળઃબોડેલી

**(સાગર પ્રેમ શંકર)**
એડી.ડીસ્ટ્રીકટ જજ, બોડેલી
જી.જે.૦૧૬૦૧

**V N TADVI STENO**